सत्यमेव जयते

| GJJM090002872026 | કેસ દાખલ તા.: ૨૧/૦૫/૨૦૨૬<br>કેસ નોંધ્યા તા.: ૨૧/૦૫/૨૦૨૬<br>ઠરાવ જાહેર તા.: ૨૪/૦૭/૨૦૨૬<br>અવધિ:૦૦ વર્ષ ૦૨ માસ ૦૩ દીવસ |
|---|---|

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપી......** અસલમભાઇ સાલેમામદ લાડક
ઉ.વ.૪૦, ધંધો– મચ્છીમારી,
રહે. મોટા વાસ, જોડીયા,
તા.જોડીયા, જી. જામનગર.

---

**ગુનો:– ગુજરાત પોલીસ એકટની કલમ– ૧૩૫(૧) મુજબ**

---

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી: શ્રી એન.કે.પરમાર
બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રી: શ્રી આર.બી.પંડ્યા

---

## -:: ઠ રા વ ::-

## (૧) કેસની ટુંકમાં હકિકતઃ-

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ કલાક-૧૯/૦૦ વાગ્યે જોડીયા બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં ૨૭ સે.મી. લંબાઈ વાળી એક બાજુ ધારવાળી તીક્ષ્ણ ધારવાળી તથા પ્લાસ્ટિકના લીલા કલરના હાથાવાળી સ્ટીલની છરી કિ.રૂ.૨૦/-ની ધારણ કરી પકડાઇ જઈ કલેક્ટર અને ડી.એમ. શ્રી, જામનગરનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુના અંગેની ફરીયાદ નોંધવતા, તે ફરીયાદ જોડીયા પો.સ્ટે.માં રજીસ્ટર્ડ કરવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા, તપાસ કરનાર અમલદાર દ્વારા હાલના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

## (૨) ન્યાયિક કાર્યવાહીઃ-

આ કામના આરોપીને આ અદાલત દ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને તેઓના બચાવ માટે બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આંક- ૦૪ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ પોતાની સામેના આક્ષેપાયેલ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ હતો. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ ફરીયાદપક્ષના વધુ કોઈ મહત્વના સાક્ષી તપાસવાના રહેતા ન હોવાની મૌખિક વિનંતી કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–:મૌખિક તથા દસ્તાવેજી પુરાવા:–**

| ક્રમ: | વિગત | આંક. |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ રજાક ઇબ્રાહીમ નાંધીયાનાઓની જુબાની | ૦૬ |
| ૨ | પંચનામુ | ૦૭ |
| ૩ | પંચ સાહેદ મહમદશાબીર ઓસમાણગની પોપટપુત્રા નાઓની જુબાની | ૦૮ |
| ૪ | તપાસ કરનાર અમલદાર ચેતનભાઇ લાલજીભાઇ ચિહલા નાઓની જુબાની | ૦૯ |
| ૫ | ફરીયાદ | ૧૦ |
| ૬ | હથિયારબંધીનું જાહેરનામું | ૧૧ |

(૪) હાલના કામે અદાલત સમક્ષ રજુ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાને વંચાણે લેતાં આરોપીનું બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. ત્યારબાદ આ કામે બંન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી.

(૫) રેકર્ડ પરની સમગ્ર હકીકતો અને રજુ થયેલ તમામ પુરાવાઓને લક્ષમાં લેતાં, આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧** શું ફરીયાદપક્ષ નિ: શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ કલાક–૧૯/૦૦ વાગ્યે જોડીયા બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં ૨૭ સે.મી. લંબાઇ વાળી એક બાજુ

ધારવાળી તીક્ષ્ણ ધારવાળી તથા પ્લાસ્ટિકના લીલા કલરના હાથાવાળી સ્ટીલની છરી કિ.રૂ.૨૦/–ની ધારણ કરી પકડાઇ જઇ કલેક્ટર અને ડી.એમ. શ્રી, જામનગરનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨** શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧) નકારમાં,
મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ.

## <u>–: કા ર ણો :–</u>

**(૬) મુદ્દા નંબર–૧ અને ૨ અંગેઃ–**

**(૬.૧)** ફરીયાદપક્ષે આ કામે પોતાનો કેસ પુરવાર કરવા આંક–૭ ના પંચનામાના પંચ સાહેદ રજાક ઇબ્રાહીમ નાંધીયાનાઓને આંક–૬ થી તથા પંચ સાહેદ મહમદશાબીર ઓસમાણગની પોપટપુત્રાનાઓને આંક–૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદો તેની જુબાનીમાં એવુ જણાવે છે કે પોલીસે તેઓને તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી, કાગળ શાનો હતો તેની તેઓને ખબર નથી. વધુમાં તેઓને પંચનામું બતાવવામાં આવતા તેઓ તેમાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. વધુમાં બચાવપક્ષે સદર પંચ સાહેદોની ઉલટતપાસ નહી હોવાનું જાહેર કર્યુ છે. સદર પંચો પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરતા નથી. તેઓની હાજરીમાં કોઇ ઇસમની ધરપકડ કે અટક કરેલ હોઇ કે તેઓની હાજરીમાં કોઇ હથિયાર કબ્જે કરેલ હોવાની હકિકતનો ઇન્કાર કરેલ છે અને પંચનામાથી વિરૂદ્ધ પુરાવો

આપેલ છે. આમ, આ પંચ સાહેદોનો પુરાવો લક્ષમાં લેતાં તેઓની રૂબરૂમાં પંચનામાની કાર્યવાહી થયેલી હોવાની કે આરોપી પાસેથી પંચનામાની વિગતે મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે લેવામાં આવેલ હોવાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. સદર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદો છે જે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, સદર પંચનામું પુરવાર થઇ શકે તેમ નથી.

**(૬.૨)** ફરીયાદપક્ષે આ કામે પોતાનો કેસ પુરવાર કરવા આંક–૯ થી આ કામની તપાસ કરનાર અમલદાર ચેતનભાઇ લાલજીભાઇ ચીહલાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેઓની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ હકિકત મુજબની જુબાની આપે છે અને આરોપી ગઇ તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ કલાક–૧૯/૦૦ વાગ્યે જોડીયા બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં ૨૭ સે.મી. લંબાઇ વાળી એક બાજુ ધારવાળી તીક્ષ્ણ ધારવાળી તથા પ્લાસ્ટિકના લીલા કલરના હાથાવાળી સ્ટીલની છરી કિ.રૂ.૨૦/–ની ધારણ કરી પકડાઇ જઇ કલેક્ટર અને ડી.એમ. શ્રી, જામનગરનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય મજકુરને પંચો રૂબરૂ અટક કરેલ હોવાનું જણાવે છે. ત્યારબાદ પોલીસ કોન્સ. જયદિપભાઇ રમેશભાઇ જેસડીયાનાઓએ સરકાર તરફે સદરહુ કામના આરોપી સામે ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેઓને બતાવતા તેમાં ફરીયાદીની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક–૧૦ થી રજુ કરેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે સદર ગુનાની આગળની તપાસ તેઓને મળતાં, તેઓએ તપાસ સંભાળી લઇ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોય, નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે બનાવ સમયે હથિયારબંધીનું જાહેરનામું અમલમા હોય, સદરહુ જાહેરનામાની નકલ ચાર્જશીટ સાથે રજુ કરેલ, જે પુરાવામાં આંક–૧૧ થી રજુ કરેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકિકતને સમર્થન આપેલ છે કે, ફરીયાદી તેઓના સહ કર્મચારી છે, મહે. ડી.એમ. સાહેબના જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કરેલ હોય તે અંગેનો કોઇ પુરાવો આ કામે રજુ રાખેલ નથી, બનાવવાળી જગ્યા જાહેર રોડ છે અને ત્યાં ઘણા બધા માણસોની તથા વાહનોની અવર જવર રહે છે, તેઓએ પોતાની તપાસ દરમ્યાન પોલીસ સાહેદ સિવાય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

(૭) ફરીયાપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર સાહેદોથી સમર્થન મળતું ન હોય, આ કામના તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતાં, જી પી એકટ કલમ–૧૩૫(૧) ના જાહેરનામાની યોગ્ય પ્રસિધ્ધી જોડીયા વિસ્તારમાં ઢોલ–નગારા વગાડીને કે માઈક વગાડીને કરવામાં આવેલ ન હોય, જાહેરનામાના કલાર્કને તપાસવામાં આવેલ ન હોય, તેમજ ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદો તપાસેલ નથી કે તેઓનું નિવેદન લીધેલ નથી. તેમજ મુદામાલ કબજે કર્યા અંગેના પંચનામાના સ્વતંત્ર કહી શકાય તેવા પંચસાહેદો પંચનામાની હકીકતને લેશ માત્ર સમર્થન કરતાં ન હોય, ફરીયાદપક્ષ મુદામાલ આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ છે તેવું નિ:શંકપણે સાબીત કરી શકેલ ન હોય, જેનો લાભ આરોપીને મળવાપાત્ર હોય, તેમજ માત્ર પોલીસ સાહેદોના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તે સિવાય અન્ય કોઈ હકીકત આ સાહેદનાં પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવેલ નથી. ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો તેમજ બી.એસ.એ.ની કલમ–૧૦૪ અન્વયે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો કેસ સ્પષ્ટ રીતે નિ:શંકપણે સાબિત કરવાનો રહે છે. રેકર્ડ ઉપર નો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, પરસ્પર વિરોધી પુરાવો રજુ થયેલ છે.

(૮) ઉપરોકત હકીકતે જાહેરનામાની અમલવારી બાબતે કોઈ પુરાવો રેકર્ડ ઉપર

આવી શકેલ ન હોય, બનાવ સમયે આરોપીના કબ્જામાંથી પરવાના વિના હથીયાર મળી આવી તેમ કરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કર્યાની હકીકત ફરીયાદપક્ષ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય, હાલના કામે જી.પી.એકટ કલમ–૧૩૫ ના જાહેરનામાની યોગ્ય પ્રસિધ્ધી કરવામાં આવેલ કે કેમ તે બાબતે પણ કોઈ સંતોષકારક પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય, તેમજ સ્વતંત્ર સાહેદ કહી શકાય તેવા પંચસાહેદ ફરીયાદપક્ષના પંચનામાને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત પુરાવામાં જણાવતાં ન હોય, ફરીયાદપક્ષની ફરીયાદ હકીકત મુજબ હાલના આરોપી પાસેથી જ મુદામાલ હથીયાર કબજે કરવામાં આવેલ હોવાની હકીકત નિ:શંકપણે સાબીત થતી ન હોય, પોલીસ સાહેદની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવવો યોગ્ય ઉચીત જણાતો નથી.

આમ, ફરીયાદપક્ષ હાલના આરોપી વિરુધ્ધ જી.પી.એ. કલમ–૧૩૫(૧) મુજબનો કેસ નિ:શંક પણે સાબિત પુરવાર કરવામાં સફળ થયેલ નથી. તેવા સંજોગોમાં તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબનાં કારણોસર ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધની જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબની ફરીયાદ પુરવાર કરવામાં સફળ થયેલ ન હોવાનું અદાલતનું નમ્રપણે માનવુ છે. જેથી આ કામના આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવાનું ન્યાયી કે ઉચિત જણાતું ન હોય, મુદ્દા નંબ– ૧ નો મારો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નંબર–૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

## **–:: આ ખ રી હુ ક મ ::–**

**૧.** આ કામનાં આરોપી અસલમભાઈ સાલેમામદ લાડક રહે. મોટા વાસ, જોડીયા, તા. જોડીયા, જી.જામનગરનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) હેઠળ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫(૧) મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી

મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ અગાઉ જામીન આપેલ છે તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

**૩.** મુદ્દામાલ પાવતિ મુજબના મુદામાલનો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવો.

આ હુકમ આજ તારીખ ૨૪ મી, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૨૪/૦૭/૨૦૨૬.

**(સંગ્રામ ઉદયસિંહ બાબર)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01178

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ-૩